

# કાર્ય ઈશ્વરની મૂળભૂત રચના

અને એદન વાડી ખેડવાને તથા તેનું રક્ષણ કરવાને,
યહોવા ઈશ્વરે તે માણસને તેમાં રાખ્યો. (ઉત્પત્તિ 2: 15)

આશિષ રાયચૂર

## ફક્ત મફત વહેચણી માટે

ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2023

## માહિતી માટે સંપર્ક કરો

All peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

Phone: +91-80-25452617
Email: **bookrequest@apcwo.org**
Website: **apcwo.org**

પ્રત્યેક વચન એ The Holy Bible Gujarati O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

## આર્થિક ભાગીદારી માટે

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

## મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ

**સંદેશાઓને માટે**: apcwo.org/sermons| **પુસ્તકો**: apcwo.org/books| **ચર્ચની એપ**: apcwo.org/app
**બાઇબલ કોલેજ**: apcbiblecollege.org| **ઈ – લર્નિંગ**: apcbiblecollege.org/elearn
**કાઉન્સીલિંગ**: chrysalislife.org| **સંગીત**: apcmusic.org
**સેવકોની સંગતી**: pamfi.org| **એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati-Work Its Original Design)

# કાર્ય

## ઈશ્વરનીમૂળભૂત રચના

અને એદન વાડી ખેડવાને તથા તેનું રક્ષણ કરવાને, યહોવા ઈશ્વરે તે માણસને તેમાં રાખ્યો.

(ઉત્પત્તિ 2:15)

# અનુક્રમણિકા


1. એક સંપુર્ણ જગતમાં કામ કરવું 1

2. કાર્યસ્થળ – પાપનું પરિણામ અને
વધસ્તંભની અસર 7

3. એક અપૂર્ણ જગતમાં કામ કરવું 16

# 1
# એક સંપૂર્ણ જગતમાં કામ કરવું

ઉત્પત્તિ ના પહેલા ત્રણ અધ્યાય માં આપણને ઈશ્વરનું સર્જન અને પૃથ્વી ઉપર તેમની બનાવેલી વસ્તુઓનું વર્ણન જોવા મળે છે. અહિયાં આપણે મનુષ્યજાતિની રચના અને ઈશ્વરદ્વારા આપણને આપવામાં આવેલી આજ્ઞા જોઈ શકીએ છીએ. અહિયાં આપણે “કામ” સંદર્ભના અમુક અવલોકનો જોઈ શકીએ છીએ.

## આપણી રચના સર્જનાત્મક કાર્યને માટે કરેલી છે:

આપણને ઈશ્વરની પ્રતિમા અને તેની સમાનતામાં રચવામાં આવેલ છે. આપણને તેની સમાનતા અને પ્રતિમામાં બનાવવામાટે નો ઈશ્વરનો હેતુ એ હતો કે એ (ઈશ્વર) આ પૃથ્વી ઉપર આપણાદ્વારા પોતાને રજૂ, પુનઃનિર્માણ અને પ્રકાશિત કરી શકે. ઈશ્વરની એક લાક્ષણિકતા એ છે કે તે રચનાત્મક છે અને એ માટે તેમણે આપણી રચના કરી છે. એ માટે મનુષ્યની રચના એ રીતે કરાઈ છે કે જેથી કરીને આપણે ઈશ્વરના આ સ્વભાવને રજૂ કરી શકીએ. આપણી રચના સર્જનાત્મક કાર્યને માટે કરેલી છે. આદમ અને હવાની જેમ, આપણે બધા મનુષ્યો ફળદાયી, પૃથ્વીને ભરનાર અને પૃથ્વી ઉપર અધિકાર જમાવનાર બનીએ – સાથે સાથે આપણે જે કંઈ પણ કરીએ એના દ્વારા ઈશ્વરની સર્જનાત્મક ક્ષમતાને વ્યક્ત કરી શકીએ. આપણે સમજી શકીએ કે ઈશ્વરનો હેતુ એ છે કે લોકો એના સર્જનને શોધે અને અદ્દભુત કાર્યો કરીએ જે તેમણે તેના સર્જનમાં મૂકેલા છે.

## આપણી રચના કામ કરવા માટે કરાયેલી છે:

*“અને એદન વાડી ખેડવાને (ખેતી અને ઉપજાઉ બનાવવાને) તથા તેનું રક્ષણ કરવાને, યહોવા ઈશ્વરે તે માણસને તેમાં રાખ્યો*

*(સરંક્ષણ અને બચાવવા)"* (ઉત્પત્તિ 2:15). ઈશ્વરે આદમને એદન વાડીની મધ્યમાં મૂક્યો અને તેને જવાબદારીઓ આપી. આદમને જમીન ખેડવાની અને વાડીની દેખરેખ રાખવાની હતી, એનો મતલબ એ કે આદમને કામ કરવાનું હતું. ઈશ્વરે કામને એદન વાડીમાં પાપથી મનુષ્યજાતિનું પતન થયું એ પહેલા બનાવ્યું. કામને ઈશ્વરદ્વારા બનાવવામાં આવ્યું મતલબ કે કામ સારી વસ્તુ છે. ઈશ્વરે લગ્ન પહેલા કામને બનાવ્યું.

આદમે એદન વાડીને શેતાનથી પણ બચાવવાની હતી, અને શેતાન ચોક્કસપણે જે બાબતો ઈશ્વરે મનુષ્યને આપી હતી તેમાં ઘૂસપેઠ કરવા માંગતો હતો. જ્યાં સુધી આદમ ઈશ્વરની આધીનતામાં, ઈશ્વરના મહિમામાં (ઈશ્વરની પ્રતિમા અને સમાનતામાં) અને ઈશ્વરની હાજરીમાં ચાલ્યો ત્યાં સુધી, આદમ શત્રુને બહાર રાખવામા અને પોતાની જવાબદારી પૂરી કરવામાં સફળ રહ્યો. આગળ આપણે જોઈ શકીએ કે જે જવાબદારી એદન વાડીમાં આદમને આપવામાં આવી હતી તે જવાબદારી આદમના સંતાનોને પણ આપવામાં આવી.

## હવાનું સર્જન કામની જગ્યાએ એક યોગ્ય સહાયકારી તરીકે કરવામાં આવી હતી

ઈશ્વરે હવાનું સર્જન એક *“યોગ્ય સહાયકારી”* (ઉત્પત્તિ 2:18) તરીકે કરી હતી. હવાનું સર્જન આદમને માટે એક યોગ્ય સહાયકારી તરીકે, કે તે આદમને એકલાપણું ના અનુભવવા દે તથા, સાથે સાથે આદમની સહકર્મી-, અને ભાગીદાર બનીને આદમની જવાબદારીમાં વાડીમાં સાથે કામ કરે. એનો મતલબ એ થયો કે જે આજ્ઞા આદમે ઈશ્વર પાસેથી મેળવી હતી કે વાડીનું જતન કરવું અને દેખરેખ રાખવી તેમાં હવાનો પણ સમાવેશ થતો હતો. હવાનો પણ એક ભાગ અને હિસ્સો એદન વાડીમાં હતો. મનુષ્યજાતિને જે આજ્ઞા આપવામાં આવેલ છે એમાં પુરુષોની સાથે સ્ત્રીઓનું પણ સર્જન કરવામાં આવેલ છે. કામની જગ્યા ઉપર પ્રભાવ પાડવામાં સ્ત્રીઓનો પણ ભાગ છે.

## એક સંપૂર્ણ જગતમાં કામ કરવું

જો કદાચ આદમ અને હવાએ પાપ ના કર્યું હોત અને મનુષ્યજાતિ ઈશ્વરની ખરી યોજના પ્રમાણે જીવી રહી હોત તો? એદન વાડીમાં કામ કરવું અને સમય જતા ઈશ્વરની યોજના પ્રમાણે લોકો જીવ્યા હોત અને વિશેષ રીતે કામના સંદર્ભમાં તો કેવું જીવન હોત? એક સંપૂર્ણ જગતમાં કાર્યસ્થળ કેવું હોત – જો મનુષ્ય પાપથી પતિત ના થયો હોત તો?

### *પવિત્ર શાસ્ત્ર અનુસાર અહિયાં અમુક બાબતોનું અવલોકન કરવામાં આવ્યું છે*

### *કામના દિવસે પણ આરાધના ચાલુ રહી હોત*

ઈશ્વરની હાજરી આપણે આખા દિવસ દરમ્યાન અનુભવી શકયા હોત. આખા દિવસ દરમિયાન આપણે ઈશ્વરની સંગતમાં હોત. કામ અને આરાધના એમ બંનેના અલગ અલગ રીતે આપણે ભાગલા ના પાડ્યા હોત.

### *કામ અને આરાધના બંને ઈશ્વરને માટે કરતાં હોત*

કામ એ કોઈ કામકાજ નહિ પરંતુ એક સ્વર્ગીય કાર્ય અને ઈશ્વરની સેવા હોત કારણકે ઈશ્વરે એની આજ્ઞા આપેલી. પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરને માટે કામ કરતી હોત. એવી કોઈ ભાવના કે લાગણી ના હોત “હું કોઈ દુન્યવી અથવા બિનસાંપ્રદાયિક કામ કરી રહ્યો છું અને જ્યારે હું ઘરે પહોંચીશ એ પછી હું કોઈ આત્મિક કામ જેમ કે ઈશ્વરની આરાધના કરીશ.”

### ઈશ્વર આપણી સાથે કામ કરતા હોત

ઉત્પત્તિ 3:8 ૮ માં રસપ્રદ રીતે આપણે જોઈ શકીએ છીએ કે એદન વાડીમાં એક સામાન્ય દિવસ કેવો હતો. એમાં લખેલું છે કે *“અને દિવસને ઠંડે પહોરે યહોવા ઈશ્વર વાડીમાં ફરતા હતા,*

*તેનો અવાજ તેઓએ સાંભળ્યો..."* અહિયાં આપણે જાણી શકીએ છીએ કે ભલે આદમ અને હવા વાડીની દેખરેખ રાખતા હતા અને એનું જતન કરતાં હતા, તેમ છતાં ઈશ્વર આદમ અને હવાની મુલાકાત લેતા હતા. કદાચ ઈશ્વર એમની મુલાકાત લઈને વાડીમાંનું જે સર્જન તેમણે કર્યું હતું તેના મર્મો સમજાવતા હશે. કદાચ ઈશ્વરે જે પણ બનાવ્યું છે એનો કેવી રીતે લાભ લેવો અને એમનું સર્જન જે ત્યાં હતું તે દ્વારા નવી રચના કેવી રીતે કરવી અને એમ તેઓ ઘણુંબધુ એ શીખવાડતા હશે. ઈશ્વર સાથે કામ કરવામાં ઈશ્વરની અદ્દભુત સર્જનાત્મક ક્ષમતાઓ, નવી શોધ, અનંત શક્યતાઓ માણસદ્વારા પ્રાપ્ત થઈ શકી હોત. ઈશ્વરના સર્જનમાં એની શોધ કરવામાં અને એનો ઉપયોગ કરવો એ એક ઉત્તેજન આપનાર બાબત છે. યશાયાહ પ્રબોધક ઈશ્વર જે રીતે એક ખેડૂતને જમીન કેવી રીતે ખેડવી અને કાપણી કેવી રીતે કરવી શીખવે છે એનું એક ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે.

**યશાયા 28:23–29**

**23 કાન દઈને મારી વાણી સુણો; ધ્યાન દઈને મારું વચન સાંભળો.**

**24 શું ખેડૂત બીજ વાવવા સારું નિરંતર હળ ખેડયા કરે છે? તે શું પોતાનું ખેતર ખોદીને ઢેફા ભાંગ્યા જ કરે છે?**

**25 તેની સપાટી સરખી કરી રહીને તે [તેમાં] સુવા નાખતો નથી? અને જીરું વાવતો નથી? અને ચાસમાં ઘઉં, ઠરાવેલે ઠેકાણે જવ, ને મોસમમાં બાજરી તે ઓરતો નથી શું?**

**26 કેમ કે, તેનો ઈશ્વર તેને [કામ કરવાની] યોગ્ય રીત શીખવીને તેને જ્ઞાન આપે છે.**

**27 કેમ કે, સુવા અણીદાર હથિયારથી મસાળાતા નથી, ને જીરા પર ગાડાનું પૈડું ફરતું નથી; સુવા કાઠીથી, ને જીરું ઝૂડિયાથી ઝૂડાય છે.**

**28 રોટલીનું ધાન્ય પિલાય છે શું? ના, તે સદા તેને મસળ્યા કરશે નહી, ને પોતાના ગાડાનું પૈડું તથા પોતાના ઘોડાઓને તેના પર સતત ફેરવ્યા કરીને તે તેનો ભૂકો કરશે નહી; પણ તેને [પવનમાં] ઊપણશે.**

**29 એ [જ્ઞાન] પણ સૈન્યોના ઈશ્વર યાહોવા પાસેથી મળે છે; તેની સૂચના અદ્દભૂત છે, ને તેની બુદ્ધિ મહાન છે.**

ઈશ્વરનું જ્ઞાન તેમના દરેક સર્જનકાર્ય સાથે સંકળાયલ છે. યર્મિયાહ 10:12 કહે છે, *"તેમણે પોતાના સામર્થ્યથી પૃથ્વી*

*બનાવી છે, પોતાના જ્ઞાનથી જગતને ધરી રાખ્યું છે, ને પોતાની બુદ્ધિથી આકાશને વિસ્તાર્યું છે."*

જ્ઞાન બોલે છે અને ઘોષણા કરે છે,

**નીતિવચનો 8:22-31**
**22 "યહોવાએ સૃષ્ટિક્રમના આરંભમાં, તેમનાં આદિકૃત્યોથી અગાઉ મને ઉત્પન્ન કર્યું.**
**23 સદાકાળથી આરંભથી, પૃથ્વી થયા પહેલાં મને સ્થાપન કરવામાં આવ્યું હતું.**
**24 જ્યારે કોઈ જળનિધિઓ નહોતા, જ્યારે પાણીથી ભરપૂર કોઈ ઝરાઓ નહોતા, ત્યારે મારો જન્મ થયો હતો**
**25 પર્વતોના પાયા નંખાયા તે પહેલાં, ડુંગરો થયા અગાઉ, મારો જન્મ થયો હતો**
**26 ત્યાં સુધી પ્રભુએ પૃથ્વી, ખેતરો કે, દુનિયાની માટીનું મંડાણ કર્યું નહોતું.**
**27 જ્યારે તેમણે આકાશો વ્યવસ્થિત કર્યાં, ત્યારે હું ત્યાં હતું; જ્યારે તેમણે ઊંડાણના પ્રદેશની ચારે બાજુ મર્યાદા ઠરાવી;**
**28 જ્યારે તેમણે ઊંચે અંતરિક્ષ સ્થિર કર્યું; જ્યારે તેમણે જલનિધિના ઝરા દૃઢ કર્યા;**
**29 જ્યારે તેમણે સમુદ્રને હદ નીમી આપી કે, તે ફરમાવેલી [મર્યાદા] ઓળંગે નહી; જ્યારે તેમણે પૃથ્વીના પાયા આંકયા;**
**30 ત્યારે કુશળ કારીગર તરીકે હું તેમની સાથે હતું; અને હું દિનપ્રતિદિન તેમને સંતોષ આપતું હતું, સદા હું તેમની આગળ હર્ષ કરતું હતું.**
**31 તેમની વસતિવાળી પૃથ્વી પર હું ગમત કરતું હતું; અને મનુષ્યોમાં મને આનંદ થતો હતો.**

જેમ ઈશ્વર લોકોને એમનું સર્જન ઓળખવામાં મદદ કરતાં હતા તે દ્વારા તેઓ ઈશ્વરના જ્ઞાનને સમજી શક્યાં હોત – તેમના મનને સમજી શક્યાં હોત.

## *ફળદાયી, ગુણાકાર અને વૃદ્ધિ એ એક સામાન્ય પરિણામ બની ગયું હોત*

ઈશ્વરે મનુષ્યને એની યોજના મુજબ સર્જન કરવાને માટે આશીર્વાદ આપેલ છે. ઈશ્વરનો આશીર્વાદ મનુષ્યને માટે

ફળદાયી, ગુણાકાર અને વૃદ્ધિ પામવાને માટે છે. વૃદ્ધિ, સમૃદ્ધિ અને ગુણાકાર એ એક સામાન્યરીતે જોઈ શક્યાં હોત.

## *કામ એક રસપ્રદ અને આનંદ આપનાર હોત*

એક સંપૂર્ણ દુનિયામાં કામ એક રસપ્રદ અને આનંદ માણવા જેવું હોત. દરરોજ સાંજે આપણે આનંદ અને મોજ સાથે જોઈ શક્યા હોત કે આપણે કામને માટે સાથે આવીએ છીએ અને આનંદ પ્રાપ્ત કરીએ છીએ. નિરાશ કે નિરુપયોગી મજૂરી કરવાની ભાવના આપણે ના અનુભવી હોત. દરેક દિવસના કામે આપણને હેતુ, મતલબ અને આનંદ આપ્યો હોત. કદાચ યશાયાહના પુસ્તકમાં જે પૂર્વાવલોકન દ્વારા આપણે જોઈ શકીએ છીએ તે આપણને આવનાર દિવસોની એક ઝાંખી આપે છે.

**યશાયાહ 65:21-23**

**21 વળી તેઓ ઘરો બાંધીને તેઓમાં રહેશે, ને દ્રાક્ષાવાડીઓ રોપીને તેમનાં ફળ ખાશે.**

**22 તેઓ બાંધશે ને તેમાં બીજો વસશે, એમ નહિ બને; તેઓ રોપશે ને તે બીજા ખાશે, એવું થશે નહિ; કેમ કે ઝાડના આયુષ્ય જેટલું મારા લોકોનું આયુષ્ય થશે, ને મારા પસંદ કરાયેલા પોતાના હાથોનાં કામોનાં ફળનો ભોગવટો લાંબા કાળ સુધી કરશે.**

**23 તેઓ નકામી મહેનત કરશે નહિ ને ત્રાસ પામવા સારું પ્રજા ઉત્પન્ન કરશે નહિ; કેમ કે તેઓની પ્રજા સુદ્ધાં તેઓ યહોવાના આશીર્વાદિતોનાં સંતાન છે.**

કાર્યસ્થળની આફતો, કમનસીબી, છટણી અને આર્થિક કટોકટી અજાણી બની હોત.

# 2
# કાર્યસ્થળ – પતનનો પ્રભાવ અને વધસ્તંભ ની અસર

## પતનને કારણે બધુ ઘણું કઠોર બની ગયું

પતનની અસર કાર્યસ્થળ ઉપર પણ થયી. ઈશ્વરે એના પ્રભાવની ઘોષણા કરી:

**ઉત્પત્તિ 3:17-19**
**17 ..."એ માટે તારે લીધે ભૂમિ શાપિત થઈ છે. તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુ:ખે ખાશે.**
**18 તે કાંટા તથા કંટાળી તારે માટે ઉગાવશે; અને તું ખેતરનું શાક ખાશે;**
**19 તું ભૂમિમાં પાછો જશે ત્યાં સુધી તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે; કેમ કે તું તેમાંથી લેવાયો હતો; અને તું ધૂળ છે ને પાછો ધૂળમાં મળી જશે.**

કાર્યસ્થળને શાપ આપવામાં આવ્યો. ત્યાં પસીનો, મજૂરી અને મહેનત આવી કે જેથી તેનું ફળ ખાઈ શકીએ. અને આ બધી બાબતો મનુષ્યના જીવનભર ચાલુ રહેવાની. ત્યાં એવી બાબતો (કાંટા અને ઝાખરાં) રહેવાની કે જે વિરોધ અને પીડાદાયક બની રહેવાની. કઈંપણ એમાનું ઈશ્વરની મૂળભૂત યોજના મુજબ નહોતું.

## વધસ્તંભ પતનને ઊલટું ફેરવી નાખે છે

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને પાપથી સંપૂર્ણપણે ઉદ્ધાર આપવાને માટે આવ્યા. પાપને કારણે જે કંઈપણ મનુષ્યજાતિને માટે હતું તે બધુ જ પ્રભુ ઈસુ ના વધસ્તંભ ઉપરના મૃત્યુ, તેમનું કબરમાં દટાઇજવું અને ત્રીજા દિવસે પુનરુત્થાન પામવાને કારણે પલટાઈ ગયું. પાપની અસર જે કામ પર હતી તેનો પણ આમાં

સમાવેશ થાય છે. બાઇબલ આપણને જણાવે છે કે ઈસુદ્વારા ઈશ્વરની જે ઇચ્છા *"...તેમના વધસ્તંભના લોહીથી શાંતિ કરાવીને તેમની મારફતે તે પોતાની સાથે સઘળાનું સમાધાન કરાવે; પછી તે પૃથ્વી પરના હોય કે આકાશમાંના હોય"* (કલોસીઓને પત્ર 1:20). વધસ્તંભ, પાપને કારણે જે પ્રભાવ પડ્યો હતો તે "પ્રત્યેક બાબતોનું" સમાધાન અને ઉદ્ધાર કરાવે છે, તેમાં કામનો પણ સમાવેશ છે. આપણો પાપથી ઉદ્ધાર થયેલ છે. આપણે સમજીએ કે આપણો ઉદ્ધાર એ વર્તમાન કાળની સત્યતા છે (ગલાતીઓને પત્ર 1:4; એફેસીઓનો પત્ર 1:7) અને સાથે સાથે ભવિષ્યમાં પણ ચાલુ રહે છે. આપણા ઉદ્ધારની પૂર્ણતા આપણે હજુ અનુભવવાની બાકી છે (એફેસીઓનો પત્ર 1:14). આપણે એ પણ સમજીએ કે ઈશ્વરનું સૃજન ઈશ્વરના દીકરાને (બાળકોને) પ્રગટ થવાની અને પાપને કારણે જે ભ્રષ્ટ થયું એને છોડાવવાને માટે છે (રોમનોને પત્ર 8:19-23). એક ઉદ્ધાર પામેલી વ્યક્તિ તરીકે આપણે આવનાર સમયની જે શક્તિઓ છે તેનો આ જિંદગીમાં અનુભવ કરીએ છીએ (હિબ્રૂઓને પત્ર 6:5). ઉદ્ધાર પામવાના અમુક ફાયદા છે જેવાં કે, આપણે પુનરુત્થાનને દિવસે એક મહિમાવાન શરીરની સાથે ઉઠીશું, આપણે માંદગીઓ અને રોગોમાંથી ઉધ્ધારના ફાયદારૂપે સાજાપણું પ્રાપ્ત કરીએ છીએ.  એ જ પ્રમાણે યશાયાહ 65:21-23 માં જેમ લખેલું છે કે આવનાર યુગમાં આપણે આપણા વ્યક્તિગત કાર્ય, કાર્યસ્થળ અને કામકાજ ના જીવનમાં ઉદ્ધારનો ફાયદો પ્રાપ્ત કરી શકીએ.

## પાપને કારણે પતિત દુનિયામાં ઉદ્ધારનો કરાર પામેલા લોકો

એક વિશ્વાસ કરનાર વ્યક્તિ તરીકે આપણે ઈશ્વરની સાથે ઉદ્ધારના કરારમાં જીવીએ છીએ પછી ભલે આપણે આ પતિત દુનિયામાં જીવી રહ્યા છે. એ સત્ય છે કે આપણે ભૂંડાઈ કે જે આ દુનિયામાં છે તેનો સામનો કરવો પડશે. છતાં આપણે એક ઉદ્ધાર પામેલા વ્યક્તિ તરીકે વધસ્તંભના સામર્થ્યની સાથે આપણા કામની જગ્યાએ જીવવું જરૂરી છે. એ માટે પ્રત્યેક દિવસે જ્યારે

આપણે આપણાં કાર્યસ્થળે જઈએ ત્યારે આપણે વધસ્તંભના ઉદ્ધારનું સામર્થ્ય મારા કામમાં, મારા કાર્યસ્થળમાં અને મારા કામકાજની જિંદગીમાં મને મદદ કરશે એવો વિશ્વાસ કરવાની જરૂર છે. વધસ્તંભને કારણે પાપનો શાપ ઉલટાઇ ગયો છે અને કામ આશીર્વાદિત બન્યું છે. વધસ્તંભને કારણે આપણે જે કંઈ કામ કરીએ તેમાં ફળદ્રુપતા અને આનંદ ઘોષિત કરીએ છીએ. વધસ્તંભને કારણે આપણે કાંટા અને ઝાંખરાઓને નકારી છીએ અને જે બાબતો વિરુદ્ધમાં હતી, જે બાબતો અવરોધરૂપ અને પીડાદાયક હતી તેને બદલે આપણે ઈશ્વરે કામને માટે જે હેતુ નિમેલો છે તેની સ્થાપના કરીએ છીએ. વધસ્તંભને કારણે કામને માટે ઈશ્વરની વાસ્તવિક રચનાને આપણે ફરી મેળવી શકીએ છીએ.

યહોવાએ ઈબ્રાહિમની સાથે લોહીનો કરાર કર્યો જેને આપણે ઈબ્રાહિમના કરાર તરીકે ઓળખીએ છીએ. તે જ પ્રમાણે, મુસા દ્વારા યહોવાએ નિયમશાસ્ત્રનો કરાર કર્યો જેને આપણે જૂના કરાર તરીકે ઓળખીએ છીએ કે જે લોહીના બલિદાન નો હતો. આ બધા કરાર, જયારે નવા કરારમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તદ્વારા કાલવરી ઉપર જે રક્ત વહેવડાવ્યું એને સ્થાપિત કરવા માટે મદદરૂપ થયા. નવો કરાર જૂના કરાર કરતાં ઘણો જ મોટો અને અદ્દભૂત છે. *“તે જ પ્રમાણે ઈસુ વિશેષ સારા કરારના જામીન થયા”* (હિબ્રૂઓને પત્ર 7:22). *“...તે વિશેષ સારાં - વચનોથી ઠરાવેલા વિશેષ સારા કરારના મધ્યસ્થ છે, તે પ્રમાણે તેમને વધારે સારી સેવા કરવાનું મળ્યું”* (હિબ્રૂઓને પત્ર 8:6).

આપણે હવે જોઈએ કે કેવી રીતે “કામ”, “મહેનત” અને “સંપતિનું નિર્માણ” અને અનેક ઘણું ઈબ્રાહિમના કરાર અને જૂના કરાર દ્વારા અસર પામ્યા. એ એક સત્ય છે કે આ બંને કરારમાં કામને આશીર્વાદિત કરવા ઉપરાંત પણ અનેક બાબતો હતી. પણ આ અભ્યાસ માં આપણે કામ, કાર્યસ્થળ અને કામના જીવન પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જેથી આ કરાર કેવી રીતે આ બધા ભાગોને અસર કરી રહ્યા છે તેનું અવલોકન

કરીએ. પાપને કારણે એ સ્પષ્ટ હતું કે ભૂમિ શાપિત બની અને મનુષ્યએ કષ્ટ અને ખૂબ જ મહેનત દ્વારા પોતાના કામનું પરિણામ પ્રાપ્ત કરવું પડશે. એ બહુ જ રસપ્રદ છે કે જે બધા ઈબ્રાહિમના કરાર અને જૂના કરારમાં હતા તેઓને માટે ઈશ્વરે આશીર્વાદની ઘોષણા કરી છે. તે સઘળા લોકોએ એનો અનુભવ કર્યો! નવો કરાર એ જૂના કરાર કરતાં ઘણો ચડિયાતો છે એ માટે સ્વાભાવિક છે કે બહુ બધા ઉદ્ધારના ફાયદા અને કરારના આશીર્વાદ આપણા કામને માટે નથી તો પણ આપણે એ તમામ આશીર્વાદની આશા રાખીએ કે જે જૂના કરારમાં છે.

આપણે યાદ રાખવાની જરૂર છે કે જ્યારે ઈશ્વર આશીર્વાદોની ઘોષણા કરે છે ત્યારે તે તમામ આશીર્વાદ આપણા જીવના પ્રત્યેક ભાગને માટે છે. ઈબ્રાહિમને યાહોવા ઈશ્વરે કહ્યું, *"હું તને અને તારા સંતાનોને આશિષ આપીશ"*. તેમણે ક્યારેય એવું ના કહ્યું કે કોઈ એક વિશેષ બાબત જેમકે સાજાપણું આ આશીર્વાદ જે ઈબ્રાહિમ અને તેના સંતાનોને આપવામાં આવ્યા એનો ભાગ છે. પણ જ્યારે આપણે સુવાર્તામાં જોઈએ છીએ, જ્યાં પ્રભુ ઈસુ એક સ્ત્રી કે જે ૧૮ વર્ષથી મંદવાડમાં હતી અને કુબડી હતી જે સ્થિર ઊભી રહી શકતી નહોતી, તેને સાજપણું આપતા કહે છે કે ઈબ્રાહિમની દીકરી હોવાને કારણે સાજાપણું પ્રાપ્ત કરવાનો તને અધિકાર છે. તે કહે છે, *"આ સ્ત્રી જે ઈબ્રાહિમની દીકરી છે અને જેને શેતાને અઢાર વર્ષથી બાંધી રાખી હતી, તેને વિશ્રામવારે બંધનમાંથી છોડાવવી જોઈતી નહોતી શું?"* (લૂક 13:16). સાજાપણું પ્રાપ્ત કરવાનો એક ઈબ્રાહિમના સંતાન તરીકે ઈબ્રાહિમનો એ આશીર્વાદ તેનો અધિકાર હતો, જો કે યહોવાએ ઈબ્રાહિમને વિશેષ રીતે સાજાપણું એક આશિષ ના ભાગરૂપ હશે એવું નહોતું કહ્યું. યહોવાએ ફક્ત એટલું જ કહ્યું હતું, *"હું તને આશિષ આપીશ"*, અને આ આશીર્વાદ તે ઈબ્રાહિમના સંતાનોની સાથે  આ કરારને સ્થાપિત કરશે (ઉત્પત્તિ 12:1-3; ઉત્પત્તિ 17:7). એ માટે જ્યારે ઈશ્વર તેમના આશીર્વાદોને ઘોષિત કરે છે કે એ આપણને આશિષ આપશે, મતલબ કે આપણા જીવનમાંની પ્રત્યેક બાબતોનો તે બધામાં સમાવેશ

કરશે અને આપણે એમની સુંદરતા, એમની કરુણા, એમની દયા, એમનું પરાક્રમ, એમનું સાજાપણું અને એમની બધી જોગવાઇઓ અને સઘળું એ બધાનો એકસાથે અનુભવ કરીએ. જેમ નીચે જણાવેલ છે કે જ્યારે આપણે ઈબ્રાહિમના કરાર અને જૂના કરાર વિષે જોઈએ છીએ ત્યારે આપણે જાણી શકીએ કે દેવે એમના કરારના લોકો એમના કામમાં આશિષ પ્રાપ્ત કરે અને તેનો અનુભવ માણી શકે.

## તારી ભૂમિ આશીર્વાદિત છે

ઈબ્રાહિમે એના વ્યક્તિગત જીવનમાં ઈશ્વરના આશીર્વાદોનો અનુભવ કર્યો. જો કે ઈબ્રાહિમ શરૂઆતમાં શ્રીમંત હતો એવું આપણે જોઈએ છીએ (ઉત્પત્તિ 13:2), પણ ઈશ્વરના આશીર્વાદની સાથે તેણે ફળદ્રુપતા અને વૃદ્ધિનો અનુભવ કર્યો. *"અને ઈબ્રાહિમ ઘરડો ને બહુ વર્ષનો થયો હતો; અને યહોવાએ ઇબ્રાહિમને સર્વ વાતે આશીર્વાદ આપ્યો હતો"* (ઉત્પત્તિ 24:1). *"અને યહોવાએ મારા ધણીને બહુ આશીર્વાદ દીધો છે; અને તે મોટો થયો છે; અને તેમણે તેને ઘેટાં તથા ઢોર તથા રૂપું તથા સોનું તથા દાસો તથા દાસીઓ તથા ઊંટ તથા ગધેડાં આપ્યાં છે"* (ઉત્પત્તિ 24:35).

ઈસહાક, ઈબ્રાહિમના પુત્રએ ઈશ્વરના આશીર્વાદ એના કાર્યક્ષેત્રમાં અનુભવ્યા. *"અને ઈસહાકે તે દેશમાં વાવણી કરી, તે જ વર્ષે સોગણું પામ્યો; અને યહોવાએ તેને આશીર્વાદ દીધો. અને તે મોટો માણસ થયો ને એમ વધતાં વધતાં બહુ જ મોટો થયો;"* (ઉત્પત્તિ 26:12,13).

જૂના કરારમાં જે લોકો ઈશ્વરની આધીનતામાં ચાલ્યા તેમને ઈશ્વરે નીચે જણાવેલ આશીર્વાદની ઘોષણા કરી

**પુનર્નિયમ 28:3-6**

**3 નગરમાં તું આશીર્વાદિત થશે, ને ખેતરમાં તું આશીર્વાદિત થશે**

**4 તારા પેટનું ફળ તથા તારી ભૂમિનું ફળ, તથા તારાં ઢોરનું ફળ એટલે તારી**

**ગાયોનો વિસ્તાર તથા તારાં ઘેટાંબકરાંનાં બચ્ચા આશીર્વાદિત થશે**
**5 તારી ટોપલી તથા તારી કથરોટ આશીર્વાદિત થશે**
**6 તું અંદર આવતાં તેમ જ બહાર જતાં આશીર્વાદિત થશે**

પાપે કામને શાપિત કર્યું પણ જેઓ લોહીના કરારમાં તેની સાથે બંધાયેલ છે, તેમના કામ ઉપર ઈશ્વરે આશીર્વાદની ઘોષણા કરી છે. શું આપણે નવા કરારમાં આ આશીર્વાદની આશા આપણીમાટે ના રાખી શકીએ?

## તારાં હાથના પ્રત્યેક કામ આશીર્વાદિત છે

પાપ ને કારણે આપણે જે કામ કષ્ટ, મજૂરી, પસીનો, મહેનત દ્વારા કરીએ છીએ એ બધાથી આપણને ફક્ત થોડા જ ફળ પ્રાપ્ત થાય છે. પણ જેઓ લોહીનાં કરારમાં છે તેમને માટે ઈશ્વરે આશીર્વાદો આપ્યાં છે.

**પુનર્નિયમ 28:8,12,13**
**8 યહોવા તારી વખારોમાં ને જેમાં તું તારો હાથ નાખે છે તે સર્વમાં તને આશીર્વાદ આપશે; અને જે દેશ યહોવા તારાં ઈશ્વર તને આપે છે તેમાં તે તને આશીર્વાદ આપશે.**
**12 તારા દેશ પર મોસમમાં વરસાદ મોકલવા માટે, અને તારાં હાથના સર્વ કામ પર આશીર્વાદ આપવા માટે, યાહોવા તારે માટે પોતાનો અખૂટ ભંડાર, એટલે આકાશ, ઉઘાડશે; અને તું ઘણી દેશજાતિઓને ઉછીનું આપશે, પણ તું ઉછીનું લેશે નહિ**
**13 અને યહોવા તને [સર્વનું] શિર બનાવશે, પણ પુચ્છ નહિ; અને તું ઉપર જ રહેશે, ને તળે રહેશે નહિ: જો યહોવા તારાં ઈશ્વરની આજ્ઞાઓ જે આજે હું તને ફરમાવું છું તેઓને તું ધ્યાન આપીને પાળે તથા અમલમાં લાવે.**

જૂના કરાર હેઠળ ઈશ્વરે એમના લોકોને ખાતરી આપી કે જો તેઓ તેમના માર્ગોમાં અને તેમના વચનોમાં ચાલશે તો તેમના હાથનાં દરેક કાર્યમાં તેઓ ઉન્નતિ પામશે. તેથી જ પવિત્ર આત્માથી પ્રેરિત થઈને ભજનકર્તા લખે છે,

**ગીતશાસ્ત્ર 1:1-3**
**1 જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં**

**ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે.**
**2 પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે; અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે**
**3 વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે, જે પોતાના ફળ પોતાની ઋતું પ્રમાણે આપે છે અને જેનાં પાંદડા કદી પણ ચીમળાતાં નથી. - વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે.**

શું આપણે નવા કરારમાં આ બધાની આપેક્ષા ના રાખીએ?

## ઈશ્વર સંપતિ પ્રાપ્ત કરવાને માટે શક્તિ આપે છે

જૂના કરારમાં લોકો સમજી ગયા કે ઈશ્વરના કરારના ભાગરૂપે જ્યાંસુધી તેઓ ઈશ્વરના માર્ગોમાં અને તેની આધીનતામાં ચાલ્યા, ઈશ્વરે તેમને સંપતિ પ્રાપ્ત કરવાને શક્તિ આપી.

**પુનર્નિયમ 8:18**
**"પણ તું યહોવા તારા ઈશ્વરનું સ્મરણ રાખ, કેમ કે સંપતિ મેળવવા માટે તને શક્તિ આપનાર તે જ છે; એ માટે કે તેમના કરાર વિષે તેમણે તારા પિતૃઓની આગળ જે સોગન ખાધા તે તે સ્થાપિત કરે, જેમ આજે છે તેમ.**

**ગીતશાસ્ત્ર 112:1-3**
**1 યહોવાની સ્તુતિ કરો. જે માણસ યહોવાનો ભક્ત છે અને તેમની આજ્ઞાઓ પાળવા]માં બહુ ખુશ થાય છે, તેને ધન્ય છે.**
**2 તેનાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થશે; યથાર્થીના વંશજો આશીર્વાદ પામશે.**
**3 તેના ઘરમાં ધનદોલત થશે; અને તેનું ન્યાયીપણું સર્વકાળ ટકશે**

શું આપણે નવા કરારમાં આ બધાની આપેક્ષા ના રાખીએ?

## ભક્ષણ કરનાર ઠપકો પામીને ઊભો રહ્યો છે

જેઓ જૂના કરારમાં હતા તેઓને શીખવવામાં આવ્યું હતું કે તેમણે પોતાના પ્રથમ ફળથી ઈશ્વરનું સન્માન કરવું. તેઓએ તેમના કામની ઊપજમાથી અમુક હિસ્સો ઈશ્વરને આપ્યો. ઈશ્વરને આપવું એ એક સાચી ઈશ્વર પ્રત્યેની આરાધના છે અને

તેઓએ વધુ ફળ પ્રાપ્ત કર્યા.

**નીતિવચન 3:9,10**
**9 તારા દ્રવ્યથી, તથા તારી પેદાશના પ્રથમ ફળથી યહોવાનું સન્માન કર;**
**10 એમ [કરવાથી] તારી વખારો ભરપૂર થશે, અને તારા દ્રાક્ષાકુંડો નવા દ્રાક્ષરસથી ઊભરાઈ જશે.**

જેઓ આધીનતામાં તેમની ઊપજનો દશાંશ (આવક, ઊપજ) ઈશ્વરના ઘરમાં લાવ્યા તેમને ઈશ્વરે વચન આપ્યું,

**માલાખી 3:11**
**“વળી તમારી ખાતર હું ખાઈ જનારને ધમકાવીશ, અને તે તમારી જમીનની ઊપજનો નાશ કરશે નહિ; અને ખેતરમાં તમારા દ્રાક્ષવેલાઓનાં ફળ અકાળે ખરી પડશે નહિ”**

પાપને કારણે "કામમાં કાંટા અને ઝાખરાં" ઉત્પન્ન થયા. પણ ઈશ્વરના કરારના લોકોને માટે ઈશ્વરે પોતે બાંહેધરી આપી કે જેઓ તેની આધીનતામાં ચાલે છે તેમની ભૂમિની ઊપજનો નાશ થશે નહિ.

શું આપણે નવા કરારમાં આ બધાની આપેક્ષા ના રાખીએ?

## તમે તમારા હાથના કામનો આનંદ પ્રાપ્ત કરશો

ઈશ્વરના લોકો જેઓ જૂના કરારમાં હતા તેઓ સમજી ગયા કે ઈશ્વરના આશીર્વાદનાં ભાગરૂપે આપણે આપણા કામનો આનંદ અને ફળ પ્રાપ્ત કરી શકીએ છીએ. અને એ આપણીમાટે સઘળું સારું થશે.

**ગીતશાસ્ત્ર 128:1,2**
**1 જેઓ યહોવાથી ડરે છે અને તેમનાં માર્ગમાં ચાલે છે તે સર્વને ધન્ય છે.**
**2 તું તારે હાથે મહેનત કરીને ખાશે; તું સુખી થશે, અને તારું કલ્યાણ થશે**

**સભાશિક્ષક 3:13**
**વળી દરેક મનુષ્ય ખાયપીએ, ને પોતાની સર્વ મહેનતનુ સુખ ભોગવે, એ ઈશ્વરનું વરદાન છે.**

**સભાશિક્ષક 5:19**
**વળી જેને ઈશ્વરે દ્રવ્ય તથા ધન આપ્યું છે, ને તેનો ઉપભોગ કરવાની, પોતાનો હિસ્સો લેવાની તથા પોતાની મહેનતથી આનંદ માણવાની શક્તિ આપી છે, [એવા દરેક માણસે જાણવું જોઈએ કે] એ ઈશ્વરનું દાન છે.**

તમારું કામ અને તમારા કામના ફળનો આનંદ પામવો એ ઈશ્વરનું દાન છે. ઈશ્વર આજે પણ આ દાન એમના લોકોને આપે છે!

## 3
# એક અપૂર્ણ જગતમાં કામ કરવું

અમારો ધ્યેય આ અભ્યાસદ્વારા દરેક વિશ્વાસી વ્યક્તિ ઉદ્ધારની દૃષ્ટિથી પોતાના કામ પ્રત્યે ઉત્સાહ મેળવે અને સાથે સાથે કામ, તેમના કાર્યસ્થળ અને કામના જીવનમાટે ની ઈશ્વરની વાસ્તવિક રચનાને ફરી શોધે એટલો જ છે. આપણે, ચોક્કસ બીજાઓની જેમ દુનિયામાં રોજીંદુ કામકાજનું જીવન જીવી શકીએ અથવા ખ્રિસ્તના ઉદ્ધારના કામદ્વારા એક નિર્ધારિત પસંદગી કરીને નવા કરારના કામને માટે ના આશીર્વાદ પ્રાપ્ત કરીએ.

આપણા કાર્યસ્થળ ઉપર આપણે બીજાઓ કરતાં અલગ બાબતો કરવાની આશા રાખી શકીએ.

જ્યારે તમે તમારા બગીચાની દેખરેખ (કામ કરો) રાખો, ત્યારે શું તમે ઈશ્વરની વાસ્તવિક રચનાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશો? શું તમે કામ, કાર્યસ્થળ અને કામના જીવનને વિશ્વાસદ્વારા એ તમારું છે અને ઈશ્વરના દીકરા તરીકે તમે તેમના કરારમાં ઉદ્ધાર પ્રાપ્ત કર્યો છે એવું માનીને સ્વીકારી લેશો?

### વધસ્તંભના પરાક્રમથી તમારા કાર્યસ્થળ અને કામના જીવનને અસર પડે છે, એ અપેક્ષા રાખો

આપણે પાપી જગતમાં જીવીએ છીએ. જીવન હમેશાં ન્યાયી નથી હોતું. કાર્યસ્થળે હમેશાં સરળતા ના હોય. કાર્યસ્થળે નિરાશાઓ, પડકારો, અન્યાયી અધિકારી અને અનૈતિક કામ કરનારા લોકો હશે. બજારો ઉપર-નીચે જશે, આર્થિક વ્યવસ્થા ઉથલપાથલ થશે, છટણી અને કામમાં ઘટાડો અને પ્રત્યેક પ્રકારની અનપેક્ષિત અને અસ્વસ્થ કરનારી પરિસ્થિતિ હશે. અનેક સંસ્થાઓ અનૈતિક ધારાધોરણો અને અધર્મને પ્રોત્સાહન

આપીને તેમજ એવી અનેક ઘણી બાબતો અપનાવીને નફો કરતાં હશે.

એક બાજુ અઢળક સંપતિ હશે અને બીજી બાજુ ગરીબી અને અભાવ હશે. આ બધાની વચ્ચે, શું આપણે એક વિશ્વાસી તરીકે જે પણ ભાગ આપણા કાર્યસ્થળ ઉપર ભજવીએ એમાં નિર્ધાર કરીએ કે આપણે ઈશ્વરના કરારના અને ઉદ્ધારપામેલા લોક તરીકે કામ કરીશું.

## મારું વિશ્વાસનામું

*જ્યારે હું કામ પર જઉં ત્યારે હું વધસ્તંભની ઉદ્ધારની શક્તિઓને મારા કામ, કાર્યસ્થળ અને કામના જીવન ઉપર સ્વીકારું છું. વધસ્તંભને કારણે પાપનો શાપ પલટાવવામાં આવ્યો છે અને મારું કામ અને કાર્યસ્થળ આશીર્વાદિત બન્યા છે. હું મારું જે કંઈ કામ કરું તેમાં આનંદ અને ફળદાયિત્વની ઘોષણા કરું છું. વધસ્તંભને કારણે હું કામની જગાએ જે કાંટા અને ઝાખરાં, વિરોધ, અડચણો અને પીડા છે તેને નકારું છું અને ઈશ્વરના હેતુઓને સ્થાપિત કરવાની ઘોષણા કરું છુ. વધસ્તંભને કારણે કાર્યસ્થળને માટે ઈશ્વરની જે વાસ્તવિક રચના હતી તેને પુનઃપ્રાપ્તિની ઘોષણા કરું છું.*

## તમારા કામના દિવસથી ઈશ્વરની આરાધના કરો

જ્યારે તમારી આસપાસના બીજા લોકો અવિરતપણે કોઈ પણ રીતે સંપતિ પ્રાપ્ત કરવાને માટે “અન્ય દેવો” દ્વારા વપરાઇ રહ્યા છે ત્યારે શું તમે તમારા દિવસના કામ દરમિયાન ઈશ્વરની આરાધના અને તેની હાજરીનો અનુભવ કરવાની ઇચ્છા રાખશો? શું તમે તમારા કામની જગ્યાએ ઈશ્વરની હાજરીના યજમાન બનશો? શું તમે તમારી કામની જગ્યાએ પૂર્ણ દિવસ દરમિયાન તેમના રાજ્ય અને તેમની ધાર્મિકતાને શોધશો કે તમે એ જાણો કે બાકીની બધી વસ્તુઓ તમને આપવામાં આવશે (માથ્થી 6:33)?

અમુકરીતે આપણે રોજ આ બાબતોને કરી શકીએ જેમ કે મનમાં પૂર્ણ દિવસભર પ્રાર્થના કરતા રહેવું. એટલે કે સંપૂર્ણ દિવસ દરમિયાન ઈશ્વરને નાની નાની પ્રાર્થનાદ્વારા વિનંતીઓ મોકલતા રહેવું. તેમની સાથે વાત કરતા રહેવું જેમ કે તમે શું કરી રહ્યા છો – જે વાર્તાલાપ તમે બીજાઓની સાથે કરવાના છો, જે મિટિંગમાં તમે જઈ રહ્યા છો, કામની જે યોજનાઓ ઉપર તમારે ધ્યાન આપવાનું છે, વેચાણના લક્ષ્યને જે તમારે પ્રાપ્ત કરવાના છે, જે વ્યાખ્યાન (લેક્ચર) તમારે આપવાનું છે! પ્રત્યેક આશિષને માટે તેનો આભાર માનો અને પ્રત્યેક સારી બાબતો જે તમારી અને તમારી સાથે કામ કરનારની (સહકર્મી) સાથે બને છે તેમાં આનંદ કરો.

તેની હાજરી વિષે સંપૂર્ણ દિવસ દરમિયાન સભાન રહો. જ્યારે પણ શક્ય હોય ત્યારે તમારા પોતાનામાં એક આત્મિક ગીત રાખો. *“ગીતોથી, સ્તોત્રોથી તથા આત્મિક ગાનોથી એકબીજાની સાથે વાતો કરીને તમારાં હૃદયોમાં પ્રભુનાં ગાયનો તથા ભજનો ગાઓ; આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સર્વને માટે ઈશ્વર પિતાની આભારસ્તુતિ નિત્ય કરજો”* (એફેસીઓને પત્ર 5:19,20).

ઈશ્વરની શાંતિ અને તેમના પ્રેમમાં ચાલો. ઈશ્વરની શાંતિ અને પ્રેમમાં ચાલવું એટલે “ઈશ્વરમાં” ચાલવું, એની હાજરીમાં ચાલવું. *“...અને જે પ્રેમમાં રહે છે તે ઈશ્વરમાં ને ઈશ્વર તેનામાં રહે છે”* (1 યોહાન 4:16).

## ઈશ્વરને માટે આરાધના અને તેના માટે કામ કરો

તમારા કામને એક દૈનિક કાર્ય, જરૂરી અનિષ્ટ, તમારે કોઈ બોજ ઉઠાવવો પડે છે તે રીતે કે અન્ય કોઈ “બિનઆત્મિક” અથવા અધર્મી વસ્તુ તરીકે જોશો નહિ. ઈશ્વરે કામની રચના કરેલી છે અને તે સારું છે. જ્યાં સુધી તમે જે ઈશ્વર ઇચ્છે છે તે કરી રહ્યા છો એનો મતલબ એ છે કે તમે ઈશ્વરે સોંપેલી જવાબદારી નિભાવી રહ્યા છો. તમે તેમની ઈચ્છા પ્રમાણે કરી રહ્યા છો.

તમારું કામ અને તમારી આરાધના તમે ઈશ્વરમાટે કરી રહ્યા છો. જ્યારે તમે આરાધના કરો છો ત્યારે તમે તમારાં પૂરા હૃદયથી કરો છો. એ જ રીતે જ્યારે તમે કામ કરો ત્યારે પણ, તમારાં પૂરા હૃદયથી કરો.

**ક્લોસીઓને પત્ર 3:23,24**
**23 માણસોને માટે નહિ પણ જાણે પ્રભુને માટે છે, તેમ સમજીને જે કઈં તમે કરો, તે બધું ખરા દિલથી કરો,**
**24 કેમ કે તમે જાણો છો કે પ્રભુ પાસેથી તમને વારસોનો બદલો મળશે. તમે તો પ્રભુ ખ્રિસ્તની સેવા કરો છો;**

એ સત્ય છે કે અમુક કામથી તમે પોતાની જાતને વેગળા કરશો. તમને કોઈ એવા કામની સોંપણી કરવામાં આવે કે જેમાં તમને લાગે કે તમે કંઈપણ કરી રહ્યા નથી. તમને કોઈ એવી જવાબદારી આપવામાં આવે કે જે બિલકુલ અંત લાગે અને તમે જાણતા હોય કે જે તમારી પાસે થી માંગવામાં આવ્યું છે એ ક્યારેય પણ હાસિલ થઈ શકે એમ નથી. તમે એવા અધિકારી હેઠળ કામ કરતાં હોય કે તે તમને ક્યારેયપણ પ્રોત્સાહન આપતા નથી. તમારી ઉત્તમથી ઉત્તમ કામગીરીને અનદેખી કરવામાં આવે. આપણે આપણી કામની જગ્યાએ આ બધી પરિસ્થિતિઓનો સામનો કરવો પડશે. પણ આ બધાની વચ્ચે શું તમે ખંતતાપૂર્વક અને આભારી હૃદયની સાથે ઈશ્વરે તમને તે કામની સોંપણી કરી છે એ ભાવની સાથે તે કરવા માટે ઈશ્વર ઉપર નજર રાખીને કરતાં રહેશો? *“માણસોની ચાકરી નહિ, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો”* (એફેસીઓને પત્ર 6:7).

## ઈશ્વર તમારી સાથે તમારા કામમાં છે

જ્યારે તમે તમારા કાર્યસ્થળે જાઓ છો ત્યારે તમે ત્યાં એકલા નથી જતાં. ઈશ્વર તમારી સાથે ત્યાં છે. તમે તેમના ચાકરની જેમ ત્યાં છો (એફેસીઓને પત્ર 6:6). ઈશ્વર તમારી સાથે તમને જ્ઞાન, બુદ્ધિ, ચાતુર્ય કામની સમજ અને શીખવાડવા માટે પવિત્ર

આત્મા દ્વારા તમને શક્તિ આપવાને માટે ત્યાં છે. તે તમને યોજના બનાવવામાં, રચના કરવામાં, લોકો વચ્ચેના મતભેદ દૂર કરવામાં અને બીજી અનેક ઘણી બાબતોમાં સહાયતા કરવાને માટે ત્યાં છે. તો શું તમે, તમારા કાર્યસ્થળે તેમની તરફ ફરશો અને તેમની પાસેથી જ્ઞાન અને તેની સર્જનાત્મક ક્ષમતાઓ તમારા દ્વારા પૂરી કરવાને માટે તેમની મદદ માંગશો? શું તમે પોતાની જાતને તમારા કામની જગ્યાએ ઈશ્વરના ભાગીદાર અને સહકર્મી તરીકે જુઓ છો? તમે ભલે ખેડૂત, શિક્ષક, ધંધો કારનાર કે વેચાણ કરનાર વ્યક્તિ હો, તમે જે કંઈ કરો છો, તેમાં ઈશ્વર તમારા સહકર્મી બનવા માગે છે!

## પરિણામ તરીકે ફળદ્રુપતા, ગુણાકાર અને વૃદ્ધિની અપેક્ષા રાખો

તમે ઈશ્વર સાથે ના કરારમાં છો અને ઈશ્વરે તમને આશીર્વાદિત ઘોષિત કર્યા છે માટે તમે ફળદ્રુપતા, ગુણાકાર અને વૃદ્ધિની અપેક્ષા રાખો. આની પહેલાના પાઠમાં અમે તમને ઘણું બધુ આ વિષે કહ્યું છે.

- તમારી ભૂમિ (કામની જગ્યા) આશીર્વાદિત કરાયેલી છે
- તમારા હાથના દરેક કાર્યને આશીર્વાદિત કરાયેલ છે
- સંપત્તિ પ્રાપ્ત કરવાને માટે ઈશ્વર તમને શક્તિ આપે છે
- શેતાનને ધમકવવામાં આવ્યો છે અને તમારા પરિશ્રમના ફળનો તે નાશ કરી શકવાનો નથી

આનો મતલબ એ નથી કે તમે ક્યારેયપણ નિરાશા કે હતાશાનો અનુભવ નહિ કરો. આ બધી બાબતો બનશે. પણ તમે વિશ્વાસમાં અને સાહસમાં બન્યા રહો કારણકે આ બધી બાબતો હોવા છતાં તમે જાણી લો કે તમે ઈશ્વરસાથેના કરારમાં છો અને ઈશ્વર તમારી સાથે છે. ભલે ગમે તેવી પરિસ્થિતી હોઈ, તમે પુર્ણ વિશ્વાસ અને સાહસથી ભરેલા છો અને તમે ઈશ્વરપાસેથી તમને ફળદ્રુપતા, ગુણાકાર અને વૃદ્ધિ મળશે એની

અપેક્ષા રાખો. અને ઈશ્વર તમને તે આપશે.

ખરાબ સમયોમાં તેણે વચન આપ્યું છે કે તે તમારી કાળજી લેશે.

**ગીતશાસ્ત્ર 33:18,19**
**[18] જુઓ, યહોવાના ભક્તો તથા તેમની કૃપા પર આશા રાખનારા ઉપર તેમની કૃપાદૃષ્ટિ છે;**
**[19] જેથી તે તેઓના જીવને મોતથી બચાવે, અને દુકાળને સમયે તેઓને જીવતા રાખે.**

**ગીતશાસ્ત્ર 37:18,19**
**[18] યહોવા યથાર્થીઓ[ની જિંદગી]ના સર્વ પ્રસંગો જાણે છે; અને તેઓનો વારસો સર્વકાળ ટકશે.**
**[19] તેઓને દુર્દશામાં પણ કંઈ શરમાવાનું નથી; દુકાળને સમયે તેઓ તૃપ્ત રહશે.**

## તમારું કામ એ એક ઉત્સાહ અને આનંદ આપનારું હોવું જોઈએ

ઈશ્વરે કામની રચના એવી રીતે કરી છે કે તે કરતાં આપણે આનંદ અનુભવીએ. ઈશ્વરપાસે તમે માંગો કે તે તમને તમારા કામમાં એ એવી જગ્યાએ મૂકે કે તમને જેની માટે તેમણે બનાવ્યા છે તેને તમે પૂર્ણ કરી શકો. અહીં તમે બીજાના કરતાં વધુ સફળ અને જે તમે કરો છો તેમાં આનંદ માણી શકશો. જે તમે કરો છો તેમાં વૃદ્ધિ પામતા જાઓ. નવી વસ્તુઓ કે જે તે(ઈશ્વર) તમને જણાવવા માગે છે તે જાણવા માટે કોઈપણ ફેરફાર અથવા બદલાવ કરવા પડે તો ગભરાશો નહીં. તેમના આનંદને તમારી સાથે તમારા કામમાં રાખો. તમે જે કરો છો, તેમાં આનંદ કરો અને એમની ભલાઈમાં ઉત્સાહ અને આનંદ પ્રાપ્ત કરો.

જ્યારે તમને તમારા કામ પ્રત્યે અસંતોષ અને બેચેની લાગે ત્યારે તમે સમય કાઢીને ઈશ્વરની સાથે એના માટે વાત કરો. ઘણી વાર આપણે આપણા વલણમાં બદલાવ લાવવાની

જરૂર હોય છે એટલે કે – આપણા કામ પ્રત્યે આપણા હૃદયમાં બદલાણ લાવવાની જરૂર હોય છે. ઘણીવાર એવું બની શકે કે જે અસંતોષ તમે મહેસુસ કરી રહ્યા છો એ તમને જણાવી રહ્યું છે કે બદલાણ જરૂરી છે. ઈશ્વરની દોરવણીને શોધો અને તેની સાથે ચાલો. તેમના આનંદના સ્થાનમાં રહો!

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદભૂત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સર્જન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, “કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું

કૃપાદાન અનંતજીવન છે" (રોમનને પત્ર 6:23). જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારૂં ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને – તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે – પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રેરિતોના કૃત્યો 10:43).*

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ." (રોમનોને પત્ર 10:9).*

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને*

મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો. આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક ઇસુ પ્રેમી, વચન કેન્દ્રિત, આત્માથી ભરપૂર, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- કૌટુંબિક મંડળી તરીકે, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- સજ્જતાના કેન્દ્ર તરીકે, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- મિશન કેન્દ્ર તરીકે, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/books ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/sermons ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

**Adolescents**
**Personal Adjustments**
**Relational Challenges**
**Academic Underachievement**
**Work-related Issues**
**Family / Couples: Premarital, Marital**
**Parents / Children / Sibling / Peer**
**Behavioral Disorders**
**Personality Disorders**
**Psychological / Emotional Problems**
**Stress / Trauma**
**Alcohol / Drug Abuse**
**Spiritual Issues**
**Life Coaching**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : chrysalislife.org
Phone: +91-80-25452617 or toll-free (within India) 1-800-300-00998
Email: counselor@chrysalislife.org

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન "ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ" અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે "ઓલ પીપલ્સ ચર્ચ"ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે:

Account Name: All Peoples Church
Account Number: 50200068829058
IFSC Code: HDFC0004367
Bank: એચડીએફસી બેંક, 7એમ/308, 80 ફીટ રોડ, એચઆરબીઆર લેઆઉટ, કલ્યાણ નગર, બંગલુરુ, કર્ણાટકા 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.*
**વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/give.ની મુલાકાત લેશો.**


અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

## DOWNLOAD THE FREE APP!

*Search for*
**"All Peoples Church Bangalore"**
**in the App or Google play stores.**

Available on the App Store

ANDROID APP ON Google play







***A daily 5-minute video devotional.***
***A daily Bible reading and prayer guide.***
***5-minute Sermon summary.***
***Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.***
***Resources with sermons, sermon notes, TV programs, books, music and more.***

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

apcbiblecollege.org

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરેક બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC +5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. **apcbiblecollege.org/elearn**

**ઓનલાઇન અરજી કરવા** માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે **apcbiblecollege.org** ની મુલાકાત લો.

પાપની અસર આપણા કાર્યસ્થળ ઉપર પડી. કાર્યસ્થળને શાપિત કરવામાં આવ્યું. કામના ફળનો આનંદ પ્રાપ્ત કરવાને માટે આપણે પસીનો, મજૂરી અને પરિશ્રમ કરવો પડશે. અને આ બધું વ્યક્તિના જીવનભર ચાલુ રહશે.

એક વિશ્વાસી તરીકે, આપણે ઉદ્ધાર પામેલા લોકો જે ઈશ્વર સાથેના કરારમાં આ પાપી જગતમાં રહીએ છીએ. એ સત્ય છે કે આપણે આ જગતની ભૂંડાઈનો સામનો કરવો પડશે કારણકે આપણે અહિયાં રહીએ છીએ. તેમછતાં, આપણે પ્રભુના ઉદ્ધાર પામેલા વ્યક્તિ તરીકે જીવવાની જરૂર છે – જેમ નવા કરારમાં લોકોના જીવનમાં વધસ્તંભનું સામર્થ્ય કાર્યરાત છે. જેથી દરરોજ જ્યારે આપણે કામને માટે આપણા કાર્યસ્થળે જઈએ ત્યારે વધસ્તંભના ઉદ્ધારનું સામર્થ્ય મારા કામમાં, મારા કાર્યસ્થળે અને મારા કામના જીવનમાં અસર પાડે છે તેવો વિશ્વાસ રાખીએ. વધસ્તંભને કારણે આપણે કાર્યસ્થળમાટેની ઈશ્વરની જે વસ્તિક રચના હતી તેને ફરી મેળવી શકીએ છીએ.

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org